અસુરકુલોત્તમ અઠમ ભક્ત

પ્રલ્હાદ વિજય.

નાટકનાં ગાયનો.

(ભગવાન શ્રીવારાહ તથા નરસિંહ અવતારનાં દર્શન સહિત)

શ્રી સુંદરવિલાસ નાટક કંપની માટે.

રચી પ્રસિદ્ધ કરનાર

સુરત નિવાસી

રણછોડદાસ ભાઇચંદ આમલીવાળા.

આવૃત્તિ પહેલી પ્રત ૨૦૦૦

અમદાવાદમાં.

અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યાં

સંવત ૧૯૬૪ ઇ. સ. ૧૯૦૮

કિંમત બે આના.

(ઇંદવ.)

વેદ ઉધારણ,—ધારણ ભૂધર,—
વારણ વિઘ્ન—નિવારણ જે છે;
મારણ મલ્લ—ગજેન્દ્ર પ્રહારણ,—
ધાર્મિક કારણ દેહ ધરે છે.
દોષ વિદારણ—ધર્મ સુધારણ,—
સંકટ સર્વ સંહારણ એ છે;
કારણ સર્વ તણા પણ કારણ—
ભક્ત પતિ—ભવતારણ તે છે.

કવિ. ભાઈશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

પ્રલ્હાદ વિજયના ખેલનો ટુંકસાર.

અંક પહેલો.

પ્ર. ૧ લો—પ્રારંભે પ્રભુ પ્રાર્થના, બાદ સુત્રધાર અને નટી વચ્ચે સમયોચિત વાતચીત.

પ્ર. ૨ જો—વિષ્ણુધામમાં સનકાદીક ઋષિઓએ દર્શનાર્થે આવવું, તેમને જય વિજય દ્વારપાળોએ અટકાવવા જેથી ઋષિઓએ તેમને શાપ આપવો.

પ્ર. ૩ જો—કશ્યપઋષિ પાસે પોતાની ભાર્યા દિતીએ વિહ્વળ થઇ શીવપ્રદોષ સમયે ઋતુદાનની માગણી કરવી. ઋષિએ તે વાતનો ઇનકાર કરી બોધ આપવો, દિતીએ વિરહની ઘેલછામાં હઠીલી થઇ તે બોધ ન સ્વિકારતાં પોતાની મમતા ચાલુ રાખવી, જેથી છેવટે ઋષિએ ન છુટકે પોતાની પત્નિની મરજીને આધીન થઇ પડવું.

પ્ર. ૪ થો—તપોવનમાં નારદ ઋષિએ બ્રાહ્મણોને બોધ આપવો, દરમ્યાન પુર્વે શાપિત થએલા, જય વિજય દ્વારપાળોએ કશ્યપઋષિને ત્યાં દિતી ઉદરે જન્મ ધરવો છે, ને તેમાંના હિરણ્યાક્ષે આવી નારદપર પાષાણ પ્રહાર કરવો, નારદે તેને ગોવિંદને હાથે મરવા શાપિત કરવો, જેથી અભિમાની હિરણ્યાક્ષે ગોવિંદને મારવા તેની શોધમાં જવું.

પ્ર. ૫ મો—ગર્વિષ્ટ હિરણ્યાક્ષનું નારદના ભમાવવાથી ગોવિંદને ગોતવા ઇંદ્ર પાસે આવવું ને તેને ઇંદ્ર તથા બ્રહસ્પતિએ યુક્તિથી સમજાવી બ્રહ્મા પાસે મોકલવો.

પ્ર. ૬ ઠ્ઠો—હિરણ્યાક્ષનું બ્રહ્મા પાસે આવવું, ને ગોવિંદની બાળ પુછવી, બ્રહ્માએ હિરણ્યાક્ષને બોધ આપવો, તે હિરણ્યાક્ષે નહિ માનવો, ને પૃથ્વીને જળમાં ડુબાવવા નિશ્ચય કરી પાછા ફરવું.

પ્ર. ૭ મો—હિરણ્યાક્ષના ત્રાસથી ઇંદ્ર તથા બ્રહ્માએ ક્ષીરસાગર આગળ ઇશ્વર સ્તવન કરવું. દરમ્યાન હિરણ્યાક્ષે ત્યાં આવી પૃથ્વીને ઉઠાવવા જવું. ને તેને વિષ્ણુ ભગવાને વારાહ અવતાર ધારણ કરી મરણને શરણ કરવો.

પ્ર. ૮ મો—પોતાનો ભાઇ હિરણ્યાક્ષ ગુમ થવાથી હિરણ્યકશ્યપુએ અફસોસમાં પડવું. દરમ્યાન એક દુતે આવી હિરણ્યાક્ષના મરણની ખબર આપવી. જેથી હિરણ્યકશ્યપુએ ક્રુર થઇ એક શંબુક નામના બળવાન યોદ્ધાને સૈન્યની સરદારી આપી અમરોનો નાશ કરવા મોકલવો—ને પોતે અજીત યોદ્ધો બનવા માટે બ્રહ્માનું તપ કરવા જવું.

પ્ર. ૯ મો—શંબુક સૈન્ય લઇ સ્વર્ગસ્થાન તરફ આવે છે, એવી ખબર એક અનુચરે ઇંદ્રને આપવી, ને ઇંદ્રે આવતી ફોજ ને છળથી અટકાવવા એક મેનકા નામની અપ્સરાને સામી મોકલવી.

પ્ર. ૧૦ મો—હિરણ્યકશ્યપુના ઉગ્ર તપથી બ્રહ્માએ પ્રસન્ન થઇ તેને વરદાન આપવું, જેથી હિરણ્યકશ્યપુએ ગર્વિષ્ઠ થઇ ફુલાવું.

પ્ર. ૧૧ મો—હિરણ્યકશ્યપુ તપ કરવા ગયો છે એમ જાણી, ઇંદ્રે તેની સગર્ભા સ્ત્રી સન્મતિનું હરણ કરી જવું. દરમ્યાન અરણ્યમાં નારદનું મળવું, ને ઇંદ્રને બોધ આપી સન્મતિને છોડાવી પોતાના આશ્રમે લઇ જવી.

પ્ર. ૧૨ મો—આસુર વૃંદ લઇ નીકળેલ શંબુક સરદાર અને મેનકાની મુલાકાત. વાતચીતમાં મેનકાને જીતવાની શંબુકે હોડ કરવી, ને પોતના તાબાના એક શલ્યધર નામના યોદ્ધાને સૈન્ય સોંપી ઇંદ્રાસન તરફ મોકલી પોતે મેનકાને જીતવા અટકવું મેનકાપર આશક થઇ એક ખોડીઆ નામના લશ્કરી માણસે છુપી રીતે સૈન્યમાંથી છટકી જઇ, શંબુકને મેનકાથી અલગ કરવા પુઠ પકડવી.

પ્ર. ૧૩ મો—શલ્યધરે સૈન્ય સહીત ઇંદ્ર દરબારમાં આવવું, દેવતાઓએ સામા થઇ યુદ્ધ કરવું. દરમ્યાન હિરણ્યકશ્યપુના

આવવાથી અસુરોએ ભય પામી ભાગી જવું. બાદ નારદે આં આવી સન્મતિ, અને તેના ઉદરે જન્મેલા પ્રલ્હાદ સહિત હિરણ્યકશ્યપુને સોંપવાં, ને અસુરોએ દિગ્વિજય થવાથી બ્રહ્માની સ્તુતિ કરવી.

ડ્રોપ.

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

પ્ર. ૧ લો—પદભ્રષ્ટ થએલ ઇંદ્ર, ઇંદ્રાણી, દેવો વિગેરેએ અરણ્યનાં અસહ્ય સંકટો ન સહન થવાથી ઈશ્વર સ્તવન કરવું.

પ્ર. ૨ જો—કીહલા કુંભારની સ્ત્રી દુલબીએ ભુલથી મંજારીનાં બચ્ચાંવાળું હાંડલુ નેભામાં મુકી અગ્નિ પ્રગટ કરવો. કીહલાએ તે બાબત જાણવાથી દુલબીને ઠપકો આપવો, ને બચ્ચાંનું રક્ષણ કરવા પ્રભુ પ્રાર્થના કરવી. દરમ્યાન પ્રલ્હાદનું ત્યાં આવી ઉભા રહેવું, ને સળગતા નેભામાંથી મંજારીનાં બચ્ચાં બચેલાં જોઈ પોતાને રામરટણપર દૃઢ આસ્થા થવી.

પ્ર. ૩ જો—ખોડીઆ તથા શંભુકનું રંગીલીને ઠગવા પોતાના જુદા જુદા વિચાર તરંગોમાં ઝુલાતાં ને ઝુલાતાં મસ્ત બનવું.

પ્ર. ૪ થો—ખોડીઆએ ફરેબથી રંગીલીના નોકર બની રહેવું. શંભુકે ઢોંગથી આજારી બની આવવું રંગીલીએ તેને ઓળખી કહાડવો ને શંભુકે ભુંડા પડી નાશી જવું.

પ્ર. ૫ મો—પોતાની માતા સન્મતિ પાસે તિલક કરી પ્રલ્હાદે આવવું, દરમ્યાન હિરણ્યકશ્યપુએ તિલક જોઈ ગુસ્સે થવું, ને રામરટણ છોડાવવાનો બોધ આપવા ગુરૂ શુક્રાચાર્યને સ્વાધિન કરવા જવું.

પ્ર. ૬ ઠ્ઠો—શિક્ષા પામેલા શંબુકે ફરીથી હિમ્મત ધરી હલવાઈ વેશે રંગીલીને ઠગવા આવવું, ને ઓળખાઇ જવાથી લિલે મોઢે ભાગવું.

પ્ર. ૭ મો—પાઠશાળામાં શુક્રાચાર્યે રામરટણ છોડાવવા બોધ કરવો. તે પ્રલ્હાદે ન માનવો, જેથી ગુરૂએ તેને તેની માતા પાસે લઇ જવો.

પ્ર. ૮ મો—શુક્રાચાર્યે પ્રલ્હાદને તેડી સન્મતિ પાસે આવવું, દરમ્યાન હિરણ્યકશ્યપુએ ત્યાં આવી પ્રલ્હાદ, રામનામ નથી મુકતો એ વાત જાણવાથી અગ્નિ પ્રગટ કરાવી તેમાં પ્રલ્હાદને નંખાવવો. રામકૃપાથી એકાએક ત્યાં વરસાદનું પડવું ને અગ્નિનું બુઝાઇ જવું.

ડ્રોપ.

— અંક બીજો સમાપ્ત —

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—અગ્નિમાંથી બચેલા પ્રલ્હાદને હાથીના પગતળે કચરાવી મારવા હિરણ્યકશ્યપુએ હુકમ કરવો.

પ્ર. ૨ જો—હાથી પાસે કચરાવી મરાવવા બે અનુચરોએ પ્રલ્હાદને પકડી લઇ જવો.

પ્ર. ૩ જો—હોડમાં હાર પામેલા શંબુકે ફરીથી હિમ્મતવાન થઇ ગવૈયા વેશે રંગીલીને ઠગવા આવવું, રંગીલીએ તેને ઓળખી શિક્ષાને પાત્ર કરવો. બાદ શંબુકે લાચારીથી (મેનકા) રંગીલીને પોતાને તાબે થવા કહેવું, ને મેનકાએ કપટી પ્યાર બતાવી ફરેબથી બોડીયા તથા શંબુકને વેચવા જવું.

પ્ર. ૪ થો—પ્રલ્હાદનો નાશ થવાના ભયથી સન્મતીએ રૂદન કરવું હિરણ્યાકશ્યપુએ ત્યાં આવી રાણીને સમજાવવી, દરમ્યાન એક અનુચરે ત્યાં આવી પ્રલ્હાદ બચવાના સમાચાર આપવા, જે સાંભળી હિરણ્યાકશ્યપુએ વધારે ગુસ્સે થઇ પ્રલ્હાદને પકડી મંગાવી નાગકુંડમાં નાંખવા હુકમ કરવો.

પ્ર. ૫ મો—મેનકાએ, શંબુક તથા ખોડીઆને ફરેબ દઇ એક ચતુર ચંદા નામની નાયકા પાસે વેચવા, ને તેના દામ લેવા સર્વેએ નાયકાને ત્યાં જવું.

પ્ર. ૬ ઠ્ઠો—વાદીએ નાગને રમાડવા, ચિબાસુર નકટાસુરે પ્રલ્હાદને ત્યાં લાવી નાગકુંડમાં નાંખવો, પ્રલ્હાદે રામ પ્રતાપથી તે નાગોને પકડી રમાડવા.

પ્ર. ૭ મો—નાગ ડંસથી પ્રલ્હાદનુ મરણ થશે એમ જાણી હિરણ્યાકશ્યપુનું ખુશ થવું, દરમ્યાન ચિબાસુર, નકટાસુરે આવી, પ્રલ્હાદ મરણથી મુકત થઇ તેની માતાને મહેલે ગયા વિષે ખબર આપવી. જેથી હિરણ્યાકશ્યપુએ અતિ કોપાયમાન થઇ પરબાતો પહાડપરથી ફેંકી મારવા હુકમ કરવો.

પ્ર. ૮ મો—પ્રલ્હાદને પહાડપરથી ફેંકવો, ને તેને, રામે રક્ષણ કરી ફુલના ઝુલા ઉપર ઝીલી લેવો.

પ્ર. ૯ મો—ચતુરચંદાએ વેચાતા લીધેલા ગુલામો, શંબુક તથા ખોડીઆને કામ સોંપી હુકમ કરવો, તે તેમણે નહિં સ્વિકારવો. પરસ્પર એક બીજાની મારામારી થવી, ને તેમને રાજ્ય સેવકોએ પકડી હિરણ્યાકશ્યપુની હજુરમાં લઇ જવા.

પ્ર. ૧૦ મો—હિરણ્યાકશ્યપુની કચેરીમાં શંબુક, ખોડીઓ ને ચતુરચંદાનો ઇન્સાફ. પ્રલ્હાદ પહાડપરથી પટકાયા છતાં બચી પોતાની માતા પાસે મળવા ગયાની ખબર મળવી, ને

હિરણ્યકશ્યપુએ દાસને તેની માતા સહીત ચમનબાગમાં તેડી લાવવા હુકમ કરવો.

પ્ર. ૧૧ મો—સન્ગતિએ વાત્સલ્ય પ્રેમમાં રૂદન કરી મુર્છિત થવું, પ્રલ્હાદે આવી પોતે ઉગર્યાની વધાઇ આપવી, ને માતાને શાન્ત કરવી. બાદ અનુચરે આવી મહારાજાનો હુકમ ફરી સંભળાવવો, ને રાણી તથા પ્રલ્હાદને ત્વરાથી ચમનબાગમાં લઇ જવાં.

પ્ર. ૧૨ મો—નિર્દય હિરણ્યકશ્યપુએ અગ્નિથી તપાવેલા લોહ સ્થંભ સાથે પ્રલ્હાદને બઝાડવા હુકમ કરવો, રાણીએ કલ્પાન્ત કરવું, છતાં જબરાઇથી પ્રલ્હાદને સ્થંભ પાસે લઇ જવો. રામકૃપાથી સ્થંભનું ફાટવું, ને નૃસિંહ ભગવાનનું પ્રગટ થવું, હિરણ્યકશ્યપુનો નાશ ને પ્રલ્હાદનો વિજય.

ડ્રોપ.

અંક ત્રીજો સમાપ્ત.

ૐ શાન્તિઃ— શાન્તિઃ— શાન્તિઃ—



મુખ્ય પાત્રોનાં નામ અને સંબંધ.

પુરૂષ વર્ગ.

સુત્રધાર.............................નાટકનો નાયક.

વિષ્ણુ...............................ત્રિભુવનપતિ ભગવાન.

જય-વિજય.............................દ્વારપાળ.

સનકાદીક.............................ચાર મહર્ષિ પુત્રો.

કશ્યપ...............................બ્રહ્માના પુત્ર.

નારદ................................મહા મુની.

હિરણ્યાક્ષ.
હિરણ્યકશ્યપુ } ....કશ્યપ પુત્રો. (શાપિત જય વિજય)

ઇંદ્ર.................................સ્વર્ગાધિપતિ.

બૃહસ્પતિ............................દેવગુરુ.

બ્રહ્મા...............................જગતપિતા.

વારાહ...............................વિષ્ણુનો ત્રીજો અવતાર.

શંબુક...............................અસુર સૈન્યાધિપતિ.

શલ્યધર.............................શંબુકનો અનુયાયી.

પ્રલ્હાદ.............................હિરણ્યકશ્યપુનો પુત્ર (પરમાત્માનો પરમભક્ત)

શુક્રાચાર્ય...........................અસુર ગુરુ.

નકટાસુર
ચીબાસુર } ....બે અનુચરો.

ફીકલો..............................કુંભાર ભક્ત.

સ્ત્રી વર્ગ.

નટી............................ ....સૂત્રધારની પત્નિ.

લક્ષ્મીજી......................... ....વિષ્ણુની ધર્મ પત્નિ.

દિતી.......................................કશ્યપ પત્નિ,

મેનકા—(રંગીલી) ....ઇંદ્રની અપ્સરા.

સન્મતિ (શાસ્ત્ર પ્રસિદ્ધ કયુધા) ..હિરણ્યકશ્યપુની રાણી.

કુસબી.......................................ઢીલા કુંભારની સ્ત્રી.

ચાતુરચંદા............................ ..નાયકા.

અવશેષ વર્ગ—બ્રાહ્મણો, અજમરો, અસુરો, નિશાળીઆ, ચોપદાર, અપ્સરાઓ, દાસીઓ, કંચનીઓ, વિગેરે વિગેરે.



૨૬૩૮

ॐ हरि

श्री स्वामिनारायणो विजयतेतराम्.

શ્રી

પ્રલ્હાદવિજયનાટકનાં

ગાયનો.

સુત્રધાર—

મંગળા ચરણ.

સહજાનંદ ! સુખકંદ ! ટાળો ફંદ ! ભવના બંધ.—સહજા૦
ગાતે છું મંદ, કૃષ્ણચંદ ! નંદનંદન ! માધો મુકુંદ;
છે આધાર તવ મોરાર, રાખો શરણ, કાપો કુછંદ.—સહજા૦
સુગતિસંગ શુભરંગ, ભયેથી ભંગ ધો શ્રી રંગ;
હે કૃપાળ ! જગભૂપાળ ! સેવું ચરણ, કરથી દંદ.—સહજા૦

સનકાદિક— ૨

જાઓ જાઓ બસ જન્મ ધરો, પાપીઓ પૃથ્વી માંઇ,
બેઠી જન છે જ્યાંય—નહિ આ સ્થળ સોહાય—જાઓ૦
માનભંગ કીધા બ્રાહ્મણના, પાપતણી રાખી નવ ગણના;
દૈત કાય.............. ..ધારો ત્યાંય ....—જાઓ૦
સમજ નથી શમ દમની શગણે, ભાન ભુલી ભટકો છો અમણે;
ભીત. છાંય.....................જાઓ ત્યાંય............—જાઓ૦

દિતી— ૩

જ્વાળા વિરહની જલદી બુઝાવો;
આવો આવો પ્રેમરસ પાવો,
મારા સમ છે સ્વામિજી શરમાવો.—જ્વાળ૦
હૃદય સાથ ચાંપો, આલિંગન આપો;
બળુ અનંગની આગથી બચાવો;
લીજે લાખેણો લ્હાવો.....(૨)—મારા૦

કશ્યપ રૂપી—

સમય નથી નારી, જો મનમાં વિચારી;
બીજ વિપત્તીનો આ નહીં વાવો,

દિતી—

નહીં માનું બસ જાઓ.....(૨) મારા૦

કશ્યપ રૂપી— ૪

હઠીલી શું થાએ રે, વનિતા વિચાર;
વખત વિનાનાં રે, ફળ છે અંગાર.—હઠીલી૦
સુંદર પયના પાત્રમાં રે, પડશે હમણાં ક્ષાર;
અમૃત પ્યાલામાં હમે છે, જો આ વિષની ધાર.—હઠીલી૦
રૂતુ વિનાનો મેળાપને ક્રૂરત રૂનુકાન;
સુકાન વિના નૌકા સિંધુમાં, એ ત્રણે કષ્ટ નિશાન.—હઠીલી૦

હિરણ્યાક્ષ— ૫

ગોતુ ગોવિંદાને જઈ પકડીને પટકું એક પળમાં.
શોધુ જઈ ત્રિભુવનમાં, સ્થળ સ્થળમાં—
છોડું નહિ, તોડું ઝટ, એનું ગુમાન,
સંહારૂં, બસ મારૂં, લઉં એનો જાન.
ન થાવા દઉં હુંથી મોટો, બનાવી દઉં પળમાં છોટો,
ઝાલું ટોટો ! મારૂં સોટો ! દઉં મસ્તક પર ભારે ચોટો,
કાપું આ શમશેરથી—ખુબ વેરથી—ગોતુ૦

સર્વસભા— ૬

ખુશાલી ખુશાલી અહાહાહા ! ! ! અતિ થઇ ગઇ,
દુઃખની વાદળી ચઢીને આવેલી, વાદળાં વિખરાઇ ગઇ ગઇ—ખુ૦
પૃથ્વીની આફત કાંટે ગઇ, ફોડશે માથું બ્રહ્મા પાસે જઇ;
ફરેબ દઇને, પાપી પાખંડીને, કાઢયોજ ખંડીને તહીં તહીં—ખુ૦

હિરણ્યાક્ષ— ૭

જળમાં ડુબાવું ! ખુડાવું ! આ ધરાને, જલદી ઉઠાવું,
જાઉં ત્યાંહી—ધાઉં ત્યાંહી, જ્યાં સિંધુ કિનાર;
રસાતાળે કાઢુંજ ચાહું, મસ્તક વાઢું, મજોને ગાઢું:
ભુને હાણું—ઉપીવાણું, સમુદ્ર મોઝાર—

બ્રહ્મા ઇંદ્ર અને દેવતાઓ— ૮

અરે હો ! અરે હો ! કરેછે આશું ? શાન્તથા શાન્તથા શઠ ન થા તું,
મોતના મુખમાં જાયછે કાં તું ?..................—શાન્ત થા૦
અધમ આ કૃત્ય કરીશમાં તું, ગુમાની દમતાથી ગમ ખા તું;
ક્રૂર ન બહ્ક આ સૃષ્ટિકનાં તું, ...—શાન્તથા૦

... ...

અબળના રૂપને લજાવ ના તું, મૂઢ ! આ તોફાન મચાવ ના તું,
નીચ ! હારૂ નામ બગાવ ના તું..................—શાન્ત થા૦

બ્રહ્મા અને ઇંદ્ર— ૯

ઉગારો આ અસુરથી હરિ ! ! સુર તમારા,
કૃપાળુ થાવ, માફ કરી, દોષ હમારા—ઉગારો૦
દાનવ હસ્ત, આ સમસ્ત, ભૂમિ જળ ડુબાશે,
ભૂધર ! નામની હે ! શ્યામ ! તારી છાપ જાશે—ઉગારો૦

વિષ્ણુ—

ડરો નહીં દેવ અભય રહો, હરિ અવતાર લેશે,
બારાહરૂપ ! અસુર ભુપનેજ દંડ દેશે—ઉગારો૦

દેવતા— ૧૦

વાહલા અભિમાની અસુરનો આવ્યો અંત,
ધરી બારાહરૂપ.........પ્રગટ્યા ભગવંત—વાહલા૦
અમૃત વૃષ્ટિ થઇ ત્રિભુવનમાં,
જય જય ધ્વનિ થાયે અનંત—વાહલા૦
ચંદન પુષ્પે વધાવો હરિને,
ચરણ કમળમાં વંદન કરીને,
કરી સુર ઉદ્ધાર! ભૂમિનોજ ભાર! ઉતાર્યો મોરાર!
આનંદની ધાર! વરસાવી દીધાં, સુખી સૌ જીવજંત—વાહલા૦

હિરણ્યકશ્યપુ— ૧૧

જાઓ જાઓ દેવોને ઝટ મારો,
શૂર ધરો, ચુર કરો, શત્રુ સંહારો;
ધર્મ હોય ત્યાં ધાડજ પાડો, યજ્ઞકુંડ મુર્તિ ભાંગડો;
ખુબ જઇ ડારો.........મારો...........બસ ચારો.
ચાડો—ફાડો—ભાંડો—જઇ ભૂમાં ખોદી ગાડો—દેવ મંદીરો પાડો;
જાઓ—ધાઓ—અસુર અભિમાન ચિત્ત ધરો—જાઓ૦

હિરણ્યકશ્યપુ— ૧૨

થાઉં ત્રિલોકનાથ, બસ—બસ, વર આવ્યો છે હાથ;
અમરોનો માર હાર—વિષ્ણુનો કરૂં સંહાર—થાઉં૦
મરણ શરણ હવે ગયું છે, આયુષ્ય મુજ અમર થયું છે;
બળ માઇ પ્રફુલિત થયું છે, સુરસાથ—ભિડું બાથ—થાઉં૦
ડરથી નિડર થઇ ગયો છું, અજીત યોદ્ધો હું રહ્યો છું;
સહુનો શિરમણી થયો છું, સુરસાથ—ભિડું બાથ—થાઉં૦

સન્મતિ— ૧૩

સમજી જનક રૂપિરાજ, હાલો આપ સંગે આવુંછું;
સાથે રહીને સુબોધ પામીશ, એવું અંતર મમચાહું,
ગોવિંદ ગુણ ગાઉ—સંતોષ મન લાવું;
સેવા આપની કરીને આનંદિત થાઉ—આપ૦

નારદ—

શુભ તારૂં થશે, પ્રૌઢ પ્રતાપીજ થશે, તુને તન, સંકટ સૌ જશે—શુભ૦
નામ તેનું ત્રિભૂવન ગવાશે, એવો રૂડો મહાભક્તજ થાશે;
ભવ સિંધુ તરશે..............................—શુભ૦

દરબારીઓ— ૧૪

વાહ વાહ વાહ વાહરે, સકળ અગરના પર અમર રહો;
ગતિ મતિ અતિ સુકૃતિ સુરપતિ પ્રેમથી ચહો—વાહ૦
અચળ રાજ્ય કરો, સંગત રંગત સુંદર જામો;
સારા સારા રંગ રાગોમાં—બાગોમાં, આનંદ આનંદ પામો;
અરિ હરી હંસ ચરણે નામો, દાનવ દંભના સ્થંભને ઉથામો—વાહ૦

અસુરવૃંદ— ૧૫

મારો સુરને અસુર, બસ કરો ચકચુર.
નવ ધારવી સબુર રંગથી;
કરી દેવા બસ હાર—વેર વાળવા નિરધાર;
કરી નાંખો ખ્વાર—ખ્વાર નેમથી—મારો૦
... .
ક્યાં છે ? દેવ, ક્યાં છે ? દેવ, મારો મારો તતખેવ,
રાજ્ય એનું લેઇ સેવ, પ્રેમથી—મારો૦

હિરણ્યકશ્યપુ ને દૈત્યવૃંદ— ૧૬

વાહ દિગવિજય અમ કીધો રે, અહા પિતાજી;
અમ આરજ પત્ર ઉર લીધોરે, થયા બહુ રાજી;
સહાય અતિ અમપર આ ધારી;
જન્મો જનમના છીએ આભારી.
વાહ દેવનેજ દંડ દીધોરે, અહા પિતાજી—અગ૦

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

ઇંદ્ર અને ગ્રહમંડળ— ૧૭

હે! વિષ્ણુ વખત વિચારો, બહારે ચઢી દૈત્ય ડારો,
અમર ઉગારો................ ..ચિત્ત ઠારો—હે વિષ્ણુ૦
વનવન રખડે તમ સુરો, અતિ દે ત્રાસ અસુરો;
જુલમી થયા અતિ એ ક્રુરો, આણો આ દુઃખનો આરો—હે વિષ્ણુ૦
તન મન તપતું રહે ત્રાતા, દો શાન્તિ જળથી શાતા;
ધાઓ હવે અભયવર દાતા, સૌનાં સંકટ સંહારો—હે વિષ્ણુ૦

ઢીહુલો અને દુલભી— ૧૮

પ્રભુ અરજ હુણી અંહ્યાવો, માંજારી બાળ બસાવો—પ્રભુ૦
નેભા વરસે મુકયું હાંડલું, મિનડીનાં તન માંહે
સોફૂર આગની ફ્રરી વળ્યોસે, હાય હવે હું થાહુ—પ્રભુ૦
અજાણે આ કામ થયુંસે, વાંક નથી હમારો,
લાજ હવે તુજ હાથ હરિ સે, ધણી હમારા થાઓ—પ્રભુ૦
વાઘરીએ હુતાસ જગાવી. ઉપર ડારબો મુક્યો,
ઇ ટાણે તુ આ'વા મારા, મેહ લેઇને ઝુકયો——પ્રભુ૦

પ્રહ્લાદ— ૧૯

ભક્તિ નૌકામાં બેશીનેરે, ભવ તરીએ.
ભવ તરીએરે—જગથી શાને ડરીએ (૨)—ભક્તિ૦
અમૃત અળગુ કરી વિષ શીદ પીજીએરે;
સેવા છોડીને શીદ ભૂમિ ઠરીએરે,
જગથી શાને ડરીએ (૨)............—ભક્તિ૦
જુઠીછે જગની માયા પ્રભુપદ સાચુરે;
હેત કરીને હરિવર વરીએ રે,
જગથી શાને ડરીએ (૨)........—ભક્તિ૦

પ્રહ્લાદ— ૨૦

રખેવાળ થાસે મારો રામ,
હો !! તું જાણ જનુની રે— રખેવાળ૦

શલ્યાની અહલ્યા કીધી, કરમાની ભાડકી પીધી,
તેની છે હૈયે મુને હામરે, તું જાણ જનુનીરે—રખેવાળ૦
વારીપર તારી જેણે, પાપાણી પાજ બારી,
એવી થાશે તે બહુ નામરે, તું જાણ જનુનીરે—રખેવાળ૦
રાવણને જેણે રોળી, કીધી લંકાની હોળી,
એછે હરવાનું મારૂં હામરે, તું જાણ જનુનીરે—રખેવાળ૦

શંભુક— ૨૧

દેખો ઇશક કે ઇકા હાલ, નીકલ જાતીહે સબ ખાલ,

રંગીલી—

નાચો નાચો મેરે લાલ, પીછે કરો પ્યારકા ખ્યાલ— દેખો૦

શંભુક—

રંડીકી યારીમેં ખ્વારી દેખો સબ સરદાર,

રંગીલી—

મુરાદ ફાંસલ હો ગઇ દેખો રંગીલીકી બહાર— દેખો૦

પ્રહ્લાદ— ૨૨

શુભ ઉપદેશ આપોને ગુરૂ પિતાય
જેનાથી જન્મ મરણ દુઃખ જાય;
રહેજે આ ભવદુઃખ સિંધુ તરાય,
અંતનો સહાય .... જગનો રાય;
કેમ ઓળખાય......કરો કૃપાય— શુભ૦

પ્રહ્લાદ— ૨૩

ગંગા સ્વરૂપ માત મારી કોને હું ભજું ?
કોને હું ભજુ ને કહો કોને હું તજુરે !—માત-કોને૦
વિશ્વનો બનાવનાર, પ્રાણીમાત્રનો પાળનાર,
તેને તજાય કેમ લગાર, શામળીઓ સુખનું છજુ—માત-કોને૦

ફરે કપાય કાય જાય, જીભથી તોય એ જપાય;
તુજ વેણે સુજમન તપાય, બોલુ શું વધુ હજુ?—માત-કોને૦

પ્રહ્લાદ— ૨૪

બાપુજી વિચારી બોલો, અભિમાનમાં શું ડોલો,
જાગી ઝીણી આંખો ખોલો, માયાના ઝોલે નહિ ઝોલો—બાપુજી૦
શંખાસુર શઠ થઇ બેઠો, પોરે થઇ પાણીમાં પેઠો;
મચ્છ રૂપે રામે તેને, બાજરનો બનાવ્યો હોલો—બાપુજી૦
કાચ કેમ મણી કહેવાશે? અસુર ન ઇશ્વર થાશે;
નૃપને ઠેકાણે નહિ ગાદિપતી થાએ ગોલો—બાપુજી૦

પ્રહ્લાદ— ૨૫

દીનદયાળ વ્હારે ધાવ, દાસ જાણીને બચાવ;
તુજ વિના હે નાથ મારા, ક્યાં ખાઉ જઇ મારી રાવ?-દીન૦
નામ તારૂં નહીં છોડતાં, મૃત્યુ આવે છે માથારૂ;
પત બાળની રાખ તારા, રામનામ ખરૂ કરાવ-દીન૦
પ્રેમની દોરી પ્રભુ, બહુ તાણતાં તુટી જશે.
કપટ કપટ જંજાળ, ટાળ, કરી કસોટી ન સતાવ.-દીન૦

અંક બીજો સમાપ્ત



અંક ત્રીજો.

હિરણ્યાકશ્યપુ— ૨૬

માર ઝટપટ મારે એ સુરપતને !
ડર પતને—લઉં એની પતને.— માર૦
છુપાઈ ગયો છે, નિશ્ચંત થયો છે,
પણ નકી ધાર, નહિ છોડુ તને વિષ્ણુ !!
કરી તુને ઠાર, ભક્ષ કરૂં તવ શિષનું,
સમજે મુને—નવ છોડું તુજને— માર૦

પ્રલ્હાદ — ૨૭

હો ! મોહન મારા—ધાઓને જગ ઉદ્ધારા,
અસુર વૃંદ આ, પડ્યુંછે પુઠય મારી;
મારી નંખાવે આ માતંગથી,
માટે આવો આવો આવોને પ્રભુ પ્યારા—હો મોહન૦
રટે તુજ નામ કોય,
તેને નવ ત્રાસ હોય;
સુખ કે દુઃખ છે મુને નહિ.
રાખ બિરદ તારૂં પ્યારૂં, વિચારી મારા—હો મોહન૦

રંગીલી— ૨૮

આવો આવો આવો રસીલા ! આવોજી આવો,
છબીલા ! રંગીલા ! રંગમાં રગવાને;
ગમ્મતની ગોઠમાં ગમવાને,

શંખુક—

સુધારસનાં ફળ જમવાને;

મોહીઓ—

અનંગની આગજ શમાવાને,

રંગીલી—

સજ નિજ પાપની ખમવાને— આવો૦

સન્મતિ— ૨૯

અરેરે !! હા શું હવે થાશે ? કુંવર મુજ હાય કચરાશે,
માતંગના માર એ મારશે, બચાવે કોણુ જઈ વાસે ?
છણી મરશે એ ગજ ત્રાસે, લાડીલો મારો પ્રાણથી જાશે—અરેરે૦
જુલમ મુજથી ન જોવાશે. મરૂ ટટળી અતિ ત્રાસે,
ભયંકર સૌ મને ભાસે, કાડીલા વિના કેમ જીવાસે ?—અરેરે૦

પ્રલ્હાદ— ૩૦

જનુની ! જીવનપ્રાણ આપણો છે જયકર જુગદાધાર !
જયકર જુગદાધાર ! હરિવર ! હરસંકટ હરનાર—ટેક.
ટાંક પ્રમાણે ટળવું મળવું, ભ્રાન્તિ નથી ભળનાર;
નીમ ફુરે નહિં નિરધારેલો, શાણો સરજનહાર—જનુની૦
રૂણાનુબંધે રૂંધાએલાં, ફળ કોણ ફેરવનાર?
કૈક ઢોળ્યાં અમૃત આશામાં, મદીરા મેળવનાર—જનુની૦
અમૃત કર્યો જે ગરલ અગરને !! હરિ તે શું કરનાર?
જગ દ્રષ્ટાન્તે જાણી લ્યો કે, લિખ્યે શું ટળનાર?—જનુની૦

પ્રલ્હાદ— ૩૧

હો ! ગિરધારી લીધી સુધ મારી,
બંસીધારી—ગાકેશા ગુણ વિસ્તારી;
ધન્ય ધન્ય બલિહારી તારી—લિધી૦
પમાર હું પાપી પ્રાણી, તેને નિજ દાસ જાણી;
બિરદની પક્ષ તાણી, પેખાડ્યું પોતાનું પાણી;
અતિ છું આભારી—લિધી૦
ઉગારી આ વારી મારી, સહાયતા કિધી સારી;
વિપત્તિ વિદારી કારી, ધણી મારા ધર્મ ધારી
અતિ છું આભારી—લિધી૦

ટાળ્યું તેં આ ટાણે દુઃખ, બંધ કીધાં નાથ મુખ,
રાખી છે બાનાની રૂખ, આપીયું અભય સુખ,
ધાઇ ચક્રધારી—ભિડી૦

પ્રહ્‌લાદ— ૩૨

મહાદુઃખ હરીએ કુળુધું, મ્હેર કરો મોરલીધારી;
રામનામ નૌકામાં બેઠો, છતાં હાણું થાએ ભારી;
ગિરીધર ! નટવર ! બંધહર ! જયકર ! લે આફત જગથી તારી—મહા.
નથી, ચિંતા કો તું મારૂં બેલી, ફક્ત નાથ તારો આધાર;
શ્યામ સલુણા તું મારો સાથી, બચાવની ખોલો બારી—મહા૦

નકટાસુર— ૩૩

ન્યાય તેની ચતુરાઇ ચલાવે. જેને રામ રાખે તેને ન આંચ આવે;
મન મિથ્યા મનુષ્ય ફુલાવે... ....—જેને૦
જગતના જન સહુ ભેળા થઇ, ભાગ્ય સમિપ મસ્તિ મચાવે;
તપે જરા જોર કરી રવિ તો, ખલકની ખાક બનાવે—જેને૦
મોટા મહિપ ચાય તેવા હોએ તોય, માતંગ તુલ્ય કાંઇ નાવે !
તારામંડળ તેજ ઝાઝું કરે પણ, શશિ સમાન નહીં થાવે—જેને૦

કંચનીઓ— ૩૪

મુજે છોડ ચલે સૈયાં મંદીરિયામે,
અબ નહિ મેં તો બોલું સાંવરિયા સે—મુજે૦
સોઇતી નિંદમેં બેહોશ ન ખબર મુજકો હાં... ! !
ગયે કબ ગોદસે છોડ યાર એ જીગર મુજકો,
મિલાદે કોય તો મેં હક જેસી મંગે ઉસકો...હાં !
ન હક દીલ દીયા હપજો મેરા પ્યારા જીગર કો,

તલસ તલસ ભઈ રેન સખીરી રે,
જાન લગ રહી પાતળિયે સે—મુજે૦

સન્મતિ—

૩૫

થયું હશે શું હાય મ્હારા રે! તનનું;
રક્ષણ કરે કોણ વ્હાલા જીવનનું?—
ગિરીશિખરથી કુટાય, અરે હાય, રે હાય.

હે ઇશ્વર તું સાહે કરજે, હે નટવર વર સંકટ હરજે,
ધૈર્ય ઢાલ તેની પર ધરજે.................. ... વ્હાલા૦
મૃદુલ શરીર એનું, હાય કચરાઇ જશે, અરેરે ચુંથાઇ જશે,
વિપત્તિ વિડારી કોણ? અંતરની ઓથ થશે?
હઠીલો છે અતિ બાળ—નહિ મુકે પ્રભુ માળ;
ભજનની એને ભાળ—રામ નામની જંજાળ,
કરાવશે એનો કાળ રે.................. .....—વ્હાલા૦

પ્રહ્લાદ—

૩૬

જનક જનુની તન ગુરૂને ચેલા,
સ્વાર્થ સંબંધે છે વળગેલા;
માયિક લતાના એ ઝુકેલા વેલા,
સાચો છે તાત, પ્રભુ મારી માત—જનક૦
કનક વિસારી કેમ કથીર મ્હાલું,
દ્રાક્ષ તજી નહીં નિંબ ફળ ખાઉં—જનક૦

પ્રહ્લાદ—

૩૭

ભયહરણ નાથ ભૂધારી પતિધારી તારી,
ધારી કર વ્હાર-વ્હાર ....ભય હરણ૦

રામનામ ભજતાં ભય હરાએ, મૃત્યુક મુજ કેમ આવે !
હે જગરાય કર સહાય-ઉગાર......—ભય હરણ૦
આગ ડાઘ થાતાં તેં બચાવી, નાગ લાગ ચુકાવી,
નગથી પડતાં ઝીલનાર-તાર ....—ભય હરણ૦

સર્વપાત્રો—

૩૮

ધન્ય ધન્ય અમો આજરે પ્રલ્હાદ વિજય,
થઇ અવતારી ! નરસિંહ ધારી ! પ્રભુ પધારી;
પાપીને મારી ! ભક્તને તારી ! લીધો હરીજય,
રંગરે......હરિરંગરે......હરિજય......—ધન્ય૦

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે દર્શાવેલાં નાટકનાં ગાયનોની ચોપડીઓ રોકડી (અમારી "શ્રી સુંદરવિલાસ" નાટક કંપનીનો જ્યાં જ્યાં ? હશે ત્યાં ત્યાં ઓફીસમાંથી મળશે.—

પવિત્ર લક્ષ્મિ નાટકનાં ગાયનો	૦—
બુલબુલ કાવલી નાટકનાં ગાયનો	૦—
મદનચંદ્રિકા નાટકનાં ગાયનો	૦—૨—૦
હંસાકુમારી નાટકનાં ગાયનો	૦—૨—૦
અભયસિંહ નાટકનાં ગાયનો	૦—૨—૦
કર્મકુળ નાટકનાં ગાયનો...	૦—૨—૦
નરસિંહ મહેતા નાટકનાં ગાયનો.	૦—૨—૦
શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો.	૦—૨—૦
શ્રી કૃષ્ણ—સુદામા નાટકનાં ગાયનો	૦—૨—૦
મહા કવિ કાળીદાસ નાટકનાં ગાયનો...	૦—૨—૦
રાજ રતન નાટકનાં ગાયનો.	૦—૨—૦
પ્રહ્લાદ વિજય નાટકનાં ગાયનો	૦—૨—૦

રચનાર અને પ્રગટ કરનાર,

રણછોડદાસ ભાઈચંદ આમલીવાળા.

શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કં૦ ના મેનેજર.

વડતાલ નિવાસી કવિ ભાઇશંકરજી વિ. પંડિતકૃત.

આયુર્વેદાદિત્ય (વૈદકનો અમુલ્ય ગ્રંથ) ....૨—૮—૦

પ્રસન્નમંજરી બહાદુર............................૧—૦—૦

વિક્ટોરિયા વીરહ,—વિહારી વિરહ—પુરૂષોત્તમપ્રસાદ વિરહ—કાળનો કહાપો—આદી પુસ્તકો પણ અમારી ઓફીસમાંથી રોકડી કીંમતે અગર વિ૦ પી૦ થી મળી શકશે.